સુવિચાર : હું હંમેશા એ બાબત સ્વીકારવા તૈયાર હોઉં છું, જેને હું બદલી શકતો નથી - એ.પી.જે. કલામ

**તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૭૭ ટકા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૭ | ૧૭ ઓગસ્ટ, ૨૦૧૫, સોમવાર ; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- મોદીનું યુએઇમાં પહોંચ્યા બાદ ભવ્ય સ્વાગત : મંત્રણામાં વ્યસ્ત
- યુએઈ મિની ઇન્ડિયા તરીકે છે, અનેક સમાનતા : મોદી
- ચીનમાં પ્રચંડ વિસ્ફોટમાં મૃતાંક ૧૧૫ : અનેક લોકો હજુ લાપતા
- અસંગઠિત ક્ષેત્રને સંપૂર્ણ તબીબી સુવિધા મળી શકે
- ૧૦૦૦ દિનમાં ૧૮,૫૦૦ ગામમાં વિજળી પુરી પડાશે
- ૫૪ યાત્રી સાથે ઇન્ડોનેશિયન વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું
- પ્રથમ ટેસ્ટ : ભારતની ૬૩ રને હાર, ચાહકો લાલઘૂમ
- પાક સાથે દ્વજીછ સ્તરની ચર્ચા રદ કરવા ઉગ્ર માંગ
- દહેજ કેસ : રાધે માની ફરી પુછપરછ કરવાની તૈયારી
- પ.બંગાળમાં લઠ્ઠાકાંડમાં મહિલા સહિત છના મોત
- સરહદ પર પાકના અવિરત ગોળીબારથી સ્થિતિ વણસી
- પાક ગોળીબારથી ભારત આખરે ભારે લાલઘૂમ છે

# સ્ટાર્ટઅપ ઈન્ડિયા - સ્ટેન્ડઅપ ઈન્ડિયા : પ્રધાનમંત્રી



## લાલાકિલ્લા પરથી પ્રધાનમંત્રીના રાષ્ટ્રજોગ સંબોધનમાં ખેડૂતોના કલ્યાણ અને કૃષિ ઉત્પાદકતા વધારવા પર ભાર મૂક્યો

નવીદિલ્હી, તા. ૧૬

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ ૨૦૨૨માં ૭૫માં સ્વતંત્રતા દિવસ સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવા તેમજ ભ્રષ્ટાચારને જડમૂળમાંથી નાબૂદ કરવા માટે ૧૫૦ કરોડ ભારતીયોને ટીમ ઈન્ડિયામાં પરિવર્તિત કરવા પર ભાર મૂક્યો હતો.

ભારતના ૬૯માં સ્વતંત્રતા દિવસના પ્રસંગે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા ૧૫ માસમાં ટીમ ઈન્ડિયાની સિદ્ધિઓનો વિસ્તૃત પરિચય કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ૧૨૫ કરોડ ભારતીયોની એકતા, સાદગી અને ભાઈચારાની ભાવના રાષ્ટ્રની તાકાત છે અને આપણા સમાજમાં જાતિવાદ અને કોમવાદને કોઈ સ્થાન નથી.

પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે કેવી રીતે તેમની સરકારની વિવિધ પહેલોએ શાસનના વિવિધ તબક્કાઓમાંથી ભ્રષ્ટાચારને દૂર કરી દીધો છે. આ સંદર્ભમાં તેમણે કોલસા, સ્પેક્ટ્રમ અને એફએમ રેડિયો લાયસન્સની હરાજીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એલપીજી સબસીડીની ડાયરેક્ટ ટ્રાન્સફર માટે 'પહલ'યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. જેના કારણે ૧૫ હજાર કરોડ રૂપિયાની બચત થઈ છે. તેમણે કહ્યું કે 'નીમકોડેટ યૂરિયા'ને પ્રસ્તુત કરવાથી સબસીડાઈઝ યૂરિયાનો બિનખેતી હેતુઓ માટે થતો ઉપયોગ અટકાવી શકાયો છે. પ્રધાનમંત્રીએ ભ્રષ્ટાચારને ઉધઈ ગણાવ્યું હતુ. જેને સાફ કરવા માટે કડવી દવાની જરૂર છે. પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે કેવી રીતે સરકારના વિવિધ પ્રયત્નોએ વચેટીયાઓને નાબૂદ કરવામાં ફાળો આપ્યો છે. તેમણે કહ્યું કે છેલ્લા વર્ષમાં સીબીઆઈએ તેના આગળના વર્ષમાં ૮૦૦ કેસોની સરખામણીમાં ભ્રષ્ટાચારના ૧૮૦૦ કેસો નોંધ્યા.

# કુડાસણ-સરગાસણમાં વાહકજન્ય રોગચાળો વકર્યો

### ૧૫૦૦ મકાનોના સર્વેલન્સમાં ૪૯ સ્થાનો પરથી એડીસના બ્રિડીંગ મળી આવ્યા : આરોગ્યતંત્રના આ વિસ્તારમાં ધામા : પ્રાર્થના ગ્રીન્સમાંથી વધુ બે ડેન્ગ્યુના કેસ મળી આવ્યા : ફ્રીઝની ટ્રેમાંથી પણ ડેન્ગ્યુના મચ્છરોના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ગોંદરે આવેલ સરગાસણના પ્રાર્થના ગ્રીન્સમાંથી ડેન્ગ્યુ પોઝીટીવના બે કેસ મળી આવ્યા છે.

શહેરના પ્રવેશ દ્વાર ગણાતા કુડાસણ અને સરગાસણ વિસ્તારની વિવિધ સોસાયટીના ૧૫૦૦થી પણ વધુ મકાનોનું આજે આરોગ્યતંત્રની ૧૪થી વધુ ટીમોએ સર્વેલન્સ કર્યુ હતુ અને ૪૯ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુના બ્રિડીંગ અને લારવા મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે એક-બે સોસાયટીના મકાનોના ફ્રીજની ટ્રેમાંથી એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. આરોગ્યતંત્રના અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી લઈ આગામી બે દિવસ સુધી આ વિસ્તારોમાં જ સઘન સર્વેલન્સ ડેરા તંબુ તાણીને કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીએ છેલ્લા બે દિવસથી આ વિસ્તારમાં ચાલી રહેલ સર્વેલન્સની કામગીરીનું સીધુ મોનીટરીંગ કરી રહેલ છે.

આજે પ્રાર્થના ગ્રીન્સમાંથી વધુ એક દંપતિને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયેલ છે. આ વિસ્તારમાં તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. તેમજ આસપાસની સોસાયટીના રહીશોને બોલાવી અને ડેન્ગ્યુના પોરા કેવા હોય તેનું નિદર્શન કરી લોક-જાગૃતિ અભિયાન પણ કર્યુ હતું.

મળતી વિગતો પ્રમાણે પ્રાર્થના ગ્રીન્સના ચારેક ફ્લેટના ફ્રીઝની ટ્રે તેમજ કેટલીક સોસાયટીની અગાસીમાં મુકેલ પક્ષીકુંજમાંથી


● અનુસંધાન પાન-૭ પર



**કમાવાની ઉત્તમ તક**
**S. H. Infotech**
ઘરે બેઠા ગેરેન્ટેડ પૈસા કમાઓ
ઓનલાઈન, ઓફલાઈન ડેટા એન્ટ્રી કામ માટે તથા એરપોટ જોબ માટે મળો.
૩૩૩/બી, ત્રીજોમાળ, સુપર મોલ-૧, ઈન્ફોસીટી, ગાંધીનગર.
મો. ૮૧૫૬૦ ૪૮૦૬૩
મો. ૯૧૭૩૦ ૮૨૫૧૬



**ઓપન ઈન્ટરવ્યુ**
**સિગ્નોર લેમીનેટ્સ (ઈન્ડીયા) પ્રા.લી.**
પ્લોટ નં. એ-૩૩, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર માટે નીચેના સ્ટાફની જરૂરીયાત છે.
PH: 23287502, 9099035363
લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના વિગતવાર બાયોડેટા સાથે તા. ૧૮-૮-૨૦૧૫ મંગળવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૩-૦૦ માં રૂબરૂ સંપર્ક કરવો.
૧. બોઈલર એટેન્ડન્ટ
(ફર્સ્ટ ક્લાસ અથવા સેકન્ડ ક્લાસ)
૨. ઓપરેટર/ હેલ્પર
(I. T. I./ ધો. ૧૦ પાસ)



સ્વસ્થ આરોગ્યની સાથે અતૂટ વિશ્વસનીયતા...



aashka
MULTISPECIALITY HOSPITAL

ગાંધીનગરની સૌથી મોટી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ

આશ્કા હોસ્પિટલ્સ પ્રા. લિ.
N.I.D. અને Dhirubhai Ambani IICT કેમ્પસની પાસે,
મહાત્મા મંદિર થી ગિફ્ટ સીટી રોડ, ગાંધીનગર.

www.aashkahospitals.in
તાત્કાલિક સારવાર માટે :
૭૫૭૫૦૦૭૭૦૭, ૯૮૭૯૭૫૨૭૭૭

ઓ.પી.ડી. : સવારે ૧૦ થી ૨, સાંજે ૪ થી ૮ સોમ થી શનિ

INITIATOR
PYRAMID